**અગ્રતા ક્રમ:** **૨૨**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/૨૩૬૩

વિધાનસભા ગૃહમાં જવાબ

આપવાની તારીખ: **૨૮/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક:** **જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ગેરકાયદે ચૂકવણી**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**

**તથા તેમનો મત વિસ્તાર:** **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર)**

# જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ગેરકાયદે ચૂકવણી

## *૨૩૬૩ શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળા કે બોગસ પ્રાથમિક શાળાને રેકર્ડ આધારીત શાળા બતાવીને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯નાં પૈસા ગેરકાયદે વસુલતી હોવાથી પકડવામાં આવી તે હકીકત સાચી છે, | (નીચેનું કોષ્ટક જુઓ) |

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૨૨-૨૩ | વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|---|---|
| | **જુનાગઢ જિલ્લો** | | |
| ૧ | જુનાગઢ | ના | ના |
| ૨ | વંથલી | ના | ના |
| ૩ | કેશોદ | ના | ના |
| ૪ | મેંદરડા | ના | ના |
| ૫ | માણાવદર | ના | ના |
| ૬ | માળીયા હાટીના | ના | ના |
| ૭ | માંગરોળ | ના | ના |
| ૮ | વિસાવદર | ના | ના |
| ૯ | ભેંસાણ | ના | ના |
| | **ગીર સોમનાથ જિલ્લો** | | |
| ૧ | ગીર ગઢડા | ના | હા જી, ખાનગી પ્રાથમિક શાળાની વિગત ધ્યાને આવેલ છે. |
| ૨ | ઉના | ના | ના |
| ૩ | વેરાવળ | ના | ના |
| ૪ | સુત્રાપાડા | ના | ના |
| ૫ | કોડીનાર | ના | ના |
| ૬ | તલાલા | ના | ના |

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૨ | ઉક્ત વર્ષવાર કોને અને કઈ સંસ્થાને કેટલી રકમ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ ગેરકાયદે રીતે ચુકવાઈ હોવાનું સામે આવ્યું, | વર્ષ ૨૦૨૩-૨૪માં ચાલુ શૈક્ષણિક સત્રથી ૧ (એક) શાળા ગીર ગઢડા તાલુકાની સ્વામીનારાયણ વિદ્યાલય, મુ. ધોકડવામાં અન્ય વિદ્યાર્થી ન હોવા છતાં રેકર્ડ પર શાળા ચાલુ બતાવી આર.ટી.ઈ. ૨૫% હેઠળના કુલ ૨ (બે) વિદ્યાર્થીઓની વિદ્યાર્થીદીઠ રૂ. ૪૪૦૦/- લેખે કુલ રૂ. ૮૮૦૦/- નું ચુકવણૂં શાળાને થયેલ હોવાનું ધ્યાને આવેલ છે. |

| | | |
|---|---|---|
| ૩ | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કોની સામે શાં પગલાં લીધાં, અને | સંસ્થાને નોટીસ આપી નાણાં સરકારશ્રીમાં ચલણથી ભરપાઈ કરાવેલ છે અને શાળામાં અન્ય કોઈ વિદ્યાર્થી ન હોય માટે શાળાના વર્ગો બંધ કરી શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે. |
| ૪ | તે પૈકી કેટલી રકમ કોની પાસેથી પરત વસુલવામાં આવી અને કોની પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે? | ઉક્ત સંસ્થા પાસેથી આર.ટી.ઈ. ૨૫% હેઠળ અભ્યાસ કરતાં કુલ. ૨ (બે) બાળકોની ફી રૂ. ૪૪૦૦/- લેખે કુલ રૂ. ૮૮૦૦/- ચાલુ શૈક્ષણિક સત્રની ફી પરત ચલણથી સરકારશ્રીમાં જમા કરાવેલ છે, હવે કોઈ ફી વસુલવાની બાકી રહેતી નથી. |

---

૨૨

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૩૬૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: ડૉ. પ્રદ્યુમનભાઇ વાજા (કોડીનાર)**

---

**પ્રશ્ન–૧** **જુનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે ખાનગી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને કુલ કેટલી રકમ ચુકવવામાં આવી?**

**જવાબ:**

જુનાગઢ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા કુલ ૧૦,૨૧૮ વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૩,૧૬૮/–ની મર્યાદામાં ૩૩૨ ખાનગી શાળાઓને રૂપિયા ૧૩,૧૮,૬૪,૩૬૮/– **(તેર કરોડ અઢાર લાખ ચોસઠ હજાર ત્રણસો અડસઠ)**અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માં કુલ ૧૩,૩૮૬ વિદ્યાર્થીઓ માટે રૂ.૧૩,૬૭૫/–ની મર્યાદામાં ૩૬૩ ખાનગી શાળાઓને પ્રથમ સત્રની રૂપિયા ૭,૮૧,૭૬,૫૭૫/– **(સાત કરોડ એક્યાસી લાખ છોતેર હજાર પાંચસો પંચોતેર)**ની ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને રકમ ચુકવવામાં આવેલ છે.આ રકમ સીધી શાળાઓના બેન્ક એકાઉન્ટમાં જિલ્લા કચેરી દ્વારા જમા કરાવવામાં આવે છે.

તથા, બીજા સત્રની ફી પરત ચુકવણીની ગ્રાન્ટ સબંધિત શાળાઓને ફાળવવા અર્થેની કાર્યવાહી હાલ જિલ્લા કક્ષાએ ચાલુ છે.

| વર્ષ | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | ચૂકવાયેલ ફી–રીએમ્બર્સમેન્ટ રકમ |
|---|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૩૨ | ૧૦,૨૧૮ | ૧૩,૧૮,૬૪,૩૬૮/– |
| ૨૦૨૩–૨૪ | ૩૪૬ | ૧૩,૩૮૬ | ૭,૮૧,૭૬,૫૭૫/–<br>(બીજા સત્રની ફી પરત ચુકવણીની કાર્યવાહી હાલ ચાલુ છે) |

ગીર સોમનાથ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં આર.ટી.ઈ. હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા કુલ ૭૪૯૦ વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૩,૬૭૫/-ની મર્યાદામાં ૨૭૬ ખાનગી શાળાઓને રૂ.૭,૧૧,૪૫,૨૫૦/- **(સાત કરોડ અગિયાર લાખ પિસતાળીસ હજાર બસો પચાસ)**અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૭૨૫૦ વિદ્યાર્થીઓ માટે રૂ.૧૩,૬૭૫/-ની મર્યાદામાં ૨૭૬ ખાનગી શાળાઓને પ્રથમ સત્રની રૂપિયા ૩,૫૦,૯૬,૧૭૨/-ની ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને રકમ ચુકવવામાં આવેલ છે.આ રકમ સીધી શાળાઓના બેન્ક એકાઉન્ટમાં જિલ્લા કચેરી દ્વારા જમા કરાવવામાં આવે છે.

તથા, બીજા સત્રની ફી પરત ચુકવણીની ગ્રાન્ટ સબંધિત શાળાઓને ફાળવવા અર્થેની કાર્યવાહી હાલ જિલ્લા કક્ષાએ ચાલુ છે.

| **વર્ષ** | **શાળાઓની સંખ્યા** | **વિદ્યાર્થી સંખ્યા** | **ચૂકવાયેલ ફી-રીએમ્બર્સમેન્ટ રકમ** |
|---|---|---|---|
| **૨૦૨૨-૨૩** | **૨૭૬** | **૭૪૯૦** | **૭,૧૧,૪૫,૨૫૦/-** |
| **૨૦૨૩-૨૪** | **૨૭૬** | **૭૨૫૦** | **૩,૫૦,૯૬૧૭૨/-**<br><br>**(બીજા સત્રની ફી પરત ચુકવણીની કાર્યવાહી હાલ ચાલુ છે)** |

૨૨

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૩૬૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી**

**(માણાવદર)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી સંજયભાઈ સુખાભાઈ કોરડીયા**

**(જૂનાગઢ)**

---

**પ્રશ્ન–૨** **જિલ્લા કક્ષાએ શાળા તેમજ વિદ્યાર્થીને RTE હેઠળની ગ્રાન્ટ ચૂકવણી માટે કઈ કાર્યપદ્ધતિને અનુસરવામાં આવે છે?**

**જવાબ:**

રાજ્ય કક્ષાએથી જિલ્લા કક્ષાને મળેલ ફી પરત ચૂકવણી તથા વિદ્યાર્થી સહાય અંગેની ગ્રાન્ટ જિલ્લા કચેરીને તાલુકા કચેરી તરફથી મળેલ ગ્રાન્ટ માંગણીઓને આધારે સબંધિત તાલુકાઓમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને ફાળવવામાં આવે છે.

ત્યારબાદ, તાલુકા કક્ષાએથી ખાનગી શાળાઓ પાસેથી ફી પરત ચુકવણી તથા વિદ્યાર્થી સહાય પેટે ફાળવવાની થતી ફી તથા વિદ્યાર્થી સહાયની ગ્રાન્ટ માંગણીની દરખાસ્તો મંગાવી RTE અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંગે રેકર્ડ આધારિત પૂરતી ચકાસણી કરી વિદ્યાર્થીને આર્થિક સહાયની રકમ વિદ્યાર્થી/વાલીઓના બેન્ક એકાઉન્ટમાં DBT થી જમા કરાવવામાં આવે છે. અને શાળાને આપવાની ગ્રાન્ટ શાળાઓને બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવે છે.

## **પૂરક પ્રશ્નો**

**પ્રશ્ન.૧ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી પ્રાથમિક શાળા કે બોગસ પ્રાથમિક શાળાને રેકર્ડ આધારીત શાળા બતાવીને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ નાં પૈસા ગેરકાયદે વસુલતી શાળાઓ અંગેની જાણ કેવી રીતે જિલ્લા કચેરીને થઈ?**

**જવાબ:**

જુનાગઢ જિલ્લામાં આ પ્રકારની કોઈ ઘટના બનેલ નથી.

જ્યારે, ગીર સોમનાથ જિલ્લામાં ગીર ગઢડા તાલુકામાં આવેલ સ્વામીનારાયણ વિદ્યાલય, મુ.ધોકડવા એ વર્ષ ૨૦૨૩–૨૪ માં પ્રથમ સત્ર માં RTE ૨૫% યોજના હેઠળના કુલ–૨ (બે) વિદ્યાર્થીઓ ની કુલ ૩.૮૮૦૦/– ગેર કાયદેસર રીતે શાળાએ મેળવ્યા અંગેની જાણ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગીરગઢડાની તા.૩૦/૧૨/૨૦૨૩ની શાળાની રૂબરૂ મુલાકાત દરમિયાન ધ્યાન પર આવેલ.અને જે અંગેની જાણ ત્યારબાદ જિલ્લા કચેરીને કરવામાં આવેલ.

**પ્રશ્ન.૨ રેકર્ડ આધારીત શાળા બતાવીને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯નાં પૈસા ગેરકાયદે વસુલતી શાળા સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?**

**જવાબઃ**

- ગીર ગઢડા તાલુકામાં આવેલ સ્વામીનારાયણ વિદ્યાલય, મુ.ધોકડવા સંસ્થાને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગીર ગઢડા દ્વારા કારણદર્શક નોટીસ આપી સંસ્થાનો ખુલાસો માંગવામાં આવેલ છે.
- તદ્ઉપરાંત, સંસ્થાને ચૂકવેલ પ્રથમ સત્રની ફી રૂ.૮૮૦૦/– સંસ્થા પાસેથી સરકારશ્રી માં ચલણ થી પરત ભરપાઈ કરાવેલ છે.
- વધુમાં, જિલ્લા કચેરી દ્વારા સંસ્થાને નોટીસ બજાવી રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ અને RTE–૨૦૦૯ની કલમ–૧૯ની જોગવાઈ મુજબ શાળાની અનિયમિતતા/ગેરરીતીનાં પ્રથમ પ્રસંગે રૂ.૧૦૦૦૦/–નો દંડ કરવામાં આવેલ અને શાળાના વર્ગો બંધ કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

**પ્રશ્ન.૩ ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ના બને તે માટે જિલ્લા કચેરી દ્વારા શાં પ્રયત્નો કરવામાં આવેલ છે?**

**જવાબઃ**

ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ના બને તે માટે જીલ્લા કચેરી દ્વારા તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીને તા.પ્રા.શિ.ને RTE ૨૫% યોજના હેઠળના વિદ્યાર્થીઓની ફી ચૂકવતા પહેલા CRC, કે.ની.(શિ.) દ્વારા ખાનગી પ્રાથમિક શાળાઓમાં RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હાજરી, રજિસ્ટર વગેરે આધારોની રૂબરૂ ખરાઈ કર્યા બાદ જ જે તે સંસ્થાઓને ફી ની ચુકવણી કરવાનું જણાવેલ છે.

**અગ્રતા ક્રમ–૨૨**

**૧) ડૉ. પ્રધ્યુમનભાઇ વાજા (કોડીનાર)**

**૨) શ્રી સંજયભાઇ કોરડીયા (જૂનાગઢ)**